# સુરતના મહે. ૬ઠા અધિક સિવીલ જજ અને જ્યુડી.મેજી.ફ.ક. સાહેબની કોર્ટમાં

ફોજદારી કેસ નં.:
આંક:–

ફરીયાદી:– સરકારશ્રી
વિરૂધ્ધ
આરોપી:–

## ગુનો:– મોટર વ્હીકલ એક્ટની કલમ ૧૮૫ મુજબ

**–:: ચુકાદો::–**

૧) ફરીયાદપક્ષ ના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, તા.-------------- ના રોજ કલાક ------- વાગ્યાના પાસે વગર પાસ પરમીટે દારૂનો નશો કરી પોતાના કબ્જાનું વાહન હકારી પકડાઈ જઈ આરોપીએ ઉપર મુજબનો ગુનો કરેલ છે. જે બદલનું ચાર્જશીટ આરોપી વિરૂધ્ધ આ અદાલતમાં તપાસના અંતે દાખલ કરેલ છે.

૨) આરોપી કોર્ટ સમક્ષ રજુ થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો આપવામાં આવેલ છે. અને આજરોજ અદાલતમાં આરોપીએ તેમના ગુનો અહેસાસ કરતા અને આરોપીની પ્લી લેતાં આરોપીએ તેમના વિરૂધ્ધના ગુનાની કબુલાત કરેલ છે. ગુનાની હકીકત વાંચી, સંભળાવી સમજાવતા સદર આરોપીએ સદર ગુનો સ્વખુશીથી કબુલ કરેલ છે. આરોપી તેની પુરસીસમાં જણાવે છે કે, તેનો આ પ્રથમ ગુનો છે. થયેલ ભુલ બદલ પ્રસ્તાવો વ્યક્ત કરી હવે પછી આવી ભુલ નહી થાય તેની ખાત્રી આપે છે. અને તેઓ કુંટુબ કબીલાવાળા માણસ છે કાયદાની અજ્ઞાનતાથી ભુલ થયેલ છે તેમજ પોતાને ભુલ બદલ હળવી સજા કરવા દાયની અરજ ગુજારેલ છે. જે તમામ સંજોગો તથા કેસની હકીકત ધ્યાને લેતા નીચે મુજબનો હુકમ ન્યાયના હિતમાં કરવામાં આવે છે.

૩) આ અદાલતે કરેલ ઉપરોક્ત ચર્ચા અન્વયે નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

આરોપીને ક્રિ. પ્રો. કોડની કલમ ૨૫૨ મુજબ એમ.વી. એક્ટની કલમ ૧૮૫ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં તકસીરવાન ઠરાવી રૂ. ૨૫૦૦/– ( અંકે બે હજાર પાંચસો રૂપીયા) નો દંડ, દંડ ન ભરે તો ત્રણ વર્ષ ની સાદી કેદની સજાની સજા ભોગવવાનો હુકમ કરવામાં આવે છે. સદર કામે જમા કરેલ મુદ્દામાલ માલિકીની ખરાઈ કરી ની પરત સોંપવો અને જો તે કામે જમા કરાવેલ મુદ્દામાલ માટે જો વચગાળાનો હુકમ થયેલ હોય તો તેને કાયમી ગણવો.

આજરોજ તા. ૧૧/૧૨/૨૦૨૧ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

સ્થળ : સુરત

( એમ.એચ.વાઘેલા)
૬ઠા અધિક સિવીલ જજ અને
જ્યુડી. મેજી.ફ.ક., સુરત
(GJ01339)